



શાસ્ત્રીજી મહારાજ નિર્મિત સારંગપુર મંદિરનો વિશાળ પ્રાસાદિક પ્રવેશદ્વાર

# શ્રીજી પ્રસાદિત સારંગપુરમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત ભવ્ય મંદિરની દિવ્ય કથા

**શ્રી** અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે વડતાલ સસ્થામાંથી મહાભિનિષ્ક્રમણ કર્યા બાદ શાસ્ત્રીજી મહારાજે ખૂબ ભીડા સહન કર્યા. માણા, નાણાં, પાણા અને દાણામાંથી કશાની પણ વ્યવસ્થા તે સમયે સંસ્થા પાસે હતી નહિ. વિરોધીઓ સંતોને ગામમાં પેસવા ન દે, ઝોળીમાં અન્નની જગ્યાએ પથરા આપે, ગાળો ભાંડે, માર મારે, અપમાન કરે. આવા ભયંકર દેશકાળમાં પણ શાસ્ત્રીજી મહારાજ સાથે સંતોની નિયમ-ધર્મપાલનની અડગતા-સાધુતા, શૂરવીરતા, તેમનો જુસ્સો તેમજ પોતાના ગુરુને રાજી કરવા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોને વિશ્વફલકમાં પ્રસરાવી ગુરુભક્તિ અદા કરવાનો તેઓનો સંકલ્પ પણ અડગ હતો ! તેથી જ તો મહાભયંકર વિષમ પરિસ્થિતિઓ વચ્ચે પણ શાસ્ત્રીજી મહારાજ દ્વારા બોચાસણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું સર્વોપરી પ્રથમ મંદિર થયું, જેના મધ્યખંડમાં શ્રીજી મહારાજ પોતાના ધામરૂપ સાધુ ગુણાતીતાનંદ સ્વામી સાથે બિરાજમાન થયા. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો વાવટો લહેરાયો અને સર્વત્ર જયજયકાર થયો.

સમાજમાં પૂજાવાના ભાવે નહિ, પણ માનવમાત્ર સુખિયો થાય તે હેતુથી તકલીફો સહન કરી અનેક વિષમ પરિસ્થિતિઓમાં પૃથ્વીના ફલક પર શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન શાસ્ત્રીજી મહારાજે ગુરુ

ભગતજી મહારાજ, જાગા સ્વામી અને શ્રી કૃષ્ણજી અદાની આજ્ઞા અને અભિપ્રાય સમજી જનકલ્યાણ અર્થે કર્યું. ભગવાન સર્વોપરી, સર્વના કારણ, સર્વના નિયંતા, સર્વના પ્રેરક-પ્રવર્તક છે. ભગવાન સદા સાકાર, સર્વ કર્તા-હર્તા, સૌના હિતકારી અને હેતકારી છે. અને એવા પ્રભુ સદાકાળ ગુણાતીત સંતસ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ છે. તેમના સંબંધવાળાં સૌ જીવ-પ્રાણીમાત્રને નિર્દોષ ને દિવ્ય માનવાં. એવા ગુણાતીત સાધુમાં જીવ જોડી, અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની દાસભાવે ભક્તિ કરવી. આ સિદ્ધાંતોને માનવમાત્રના આચરણમાં લાવવા, સૌને અખંડ સુખ, શાંતિ અને આનંદ ભોગવતા કરવા, મનુષ્ય જીવનનો યથાર્થ હેતુ સિદ્ધ કરાવવા શાસ્ત્રીજી મહારાજે શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તન કર્યું.

આ સઘળા સિદ્ધાંતો મનુષ્ય જીવનમાં તો સાકાર થાય, જો બ્રહ્મસ્વરૂપ એકાંતિક સાધુ કે જેઓ થકી પ્રભુ પ્રગટ અને પ્રત્યક્ષ છે તેમનો યોગ પ્રાપ્ત થાય ! એવા બ્રહ્મસ્વરૂપ સાધુ ગુણાતીતાનંદ સ્વામી પછી ભગતજી મહારાજ, જાગા સ્વામી અને કૃષ્ણજી અદા દ્વારા પ્રભુનું પ્રગટીકરણ સાકાર રહ્યું અને ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રભુ પ્રગટ છે અને કાર્ય કરી રહ્યા છે તે સહજ મનાવા લાગ્યું.

શાસ્ત્રીજી મહારાજે વડતાલ છોડ્યું ત્યાર પછી કેટલાક સંતો, પાર્ષદો વડતાલથી બોચાસણ આવીને શાસ્ત્રીજી મહારાજની સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સેવામાં જોડાયા. તેમાંય સ્વામી નિર્ગુણદાસજીની વાત નોખી છે ! તેઓનું પૂર્વાશ્રમનું નામ જેઠાભાઈ અને તેઓ પીજના વતની. ભગતજી મહારાજમાં તેઓને અપ્રતિમ શ્રદ્ધા અને પ્રીતિ હતા. ભગતજી મહારાજના સિદ્ધાંતોને શાસ્ત્રીજી મહારાજ સમજ્યા હતા અને વડતાલમાં રહી છડેચોક પ્રવર્તાવતા હતા તેથી જેઠાભાઈને શાસ્ત્રીજી મહારાજમાં સહજ આકર્ષણ થયું. રસાયણ શાસ્ત્રના બાહોશ હતા અને અંગ્રેજીમાં અભ્યાસ કરેલો, આમ ખૂબ સારું ભણ્યા હોવાને પરિણામે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતો દ્વારા પ્રભુપ્રાપ્તિના જ્ઞાનને તેઓ સારી રીતે સમજી શકતા હતા. જૂનાગઢી સંતો કે, જેમણે ગુણાતીતાનંદ સ્વામીને સેવ્યા હતા તેવા સદ્‌ગુરુ માધવચરણદાસજી, સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી આદિ સંતોના યોગથી તેઓના ત્યાગ-વૈરાગ્ય સુદઢ થયા. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ પણ તેઓ પર ખૂબ રાજી હતા. આચાર્યશ્રી જેઠાભાઈને સાધુ કરવા ઇચ્છતા હતા, પણ જેઠાભાઈની શરત હતી કે, વર્ષમાં એક માસ ભગતજી પાસે જઈને તેમનો સમાગમ કરવા મળે. જો કે તે સમયમાં જો કોઈ ભગતજીનો સમાગમ કરે તો તેને ભારે વિરોધ સહન કરવો પડે તેમ હતું, છતાં આચાર્યશ્રીએ જેઠાભાઈની વાતનો સહર્ષ સ્વીકાર કરી મંજૂરી આપી; જે તેમની એકાંતિક સ્થિતિનાં સહજ દર્શન કરાવે છે. ભગતજી મહારાજની આજ્ઞાથી જેઠાભાઈએ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ પાસે પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી અને દીક્ષા બાદ તેઓ જેઠા ભગતના નામે ઓળખાયા. તેઓએ ભગતજી મહારાજની અંતસમયે ખૂબ સેવાઓ કરી, ભાવથી તેમને સેવ્યા. ત્યારબાદ આચાર્યશ્રીએ તેઓને પોતાના સચિવ તરીકેની સેવા સોંપી પોતાની પાસે જ રાખ્યા. વડતાલમાં ગોરધનભાઈ કોઠારી સાથે પણ તેઓએ અદ્‌ભુત કાર્ય કર્યું. જેઠા ભગતની વ્યવહારકુશળતા અને કાર્યદક્ષતાથી કોઠારી પણ ખૂબ ખુશ થયા હતા. ત્યારબાદ તો જેઠા ભગતને સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજે પોતાના સહયોગી તરીકે કષ્ટભંજન દેવના મંદિરના વિકાસકાર્ય માટે તેડાવ્યા. શાસ્ત્રીજી મહારાજ સાથે અપ્રતિમ મૈત્રીના સંબંધે જોડાયા, જે થોડા જ સમયમાં ગુરુભાવમાં પરિણમ્યો. જેઠા ભગત મુંબઈના ભૂલેશ્વર મંદિરના કોઠારી તરીકે નિમાયા તે પૂર્વે વડોદરા, જૂનાગઢ, ગઢડામાં પણ તેઓએ કોઠારી તરીકે સેવા બજાવી હતી. જેઠાભગતે જાગા સ્વામીનો પણ ૬ માસ સુધી ખૂબ સમાગમ કર્યો. આ સમાગમથી ઉપાસનાનો અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા દઢ થયો. શાસ્ત્રીજી મહારાજે વડતાલ છોડ્યાના બે જ માસમાં તેઓએ પણ વડતાલ છોડી દીધું, કારણ કે, આચાર્યશ્રી પાસેથી શાસ્ત્રીજી મહારાજના મંડળને સત્સંગમાં વિચરવા માટે જે ચિઠ્ઠી મેળવવાની હતી તે ન મળી અને વળી, આ મંડળને વડતાલમાં ઉપાધિઓ ઘણી વધવા લાગી. વડતાલથી નીકળી તેઓ બોચાસણમાં શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાયા. આચાર્યશ્રી કુંજવિહારીજી પાસે દીક્ષા પ્રાપ્ત કરી જેઠા ભગત 'સ્વામી નિર્ગુણદાસજી' તરીકે પ્રસિદ્ધ થયા. તેમની સાથે કોઠારી બેચર ભગત-મહાપુરુષદાસ સ્વામી, કોઠારી ધોરી ભગત-અક્ષરપુરુષદાસજી, કોઠારી લલ્લુભગત-સંતદાસજી આદિને પણ દીક્ષા આપી. તેમાંય નિર્ગુણદાસજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજના દાસ બની અકલ્પ્ય કાર્ય કર્યું. અથાક વિચરણ, અવિરત કથા-વાર્તા અને અસંખ્ય પત્રો દ્વારા ભક્તોને ઉપાસનાના સિદ્ધાંતો દઢાવ્યા ને વળી, સૌની મૂંઝવણ ટાળી. અંધારખંડ આફ્રિકામાં ઉપાસનાના જ્ઞાનરૂપી સૂરજ ઉગાડી ઊજળો કર્યો. અગણિત પત્રો દ્વારા સમજણની ગંગોત્રી વહાવી. તેમની લેખિની તેજસ્વિની હતી, જેમાં જ્ઞાનનો પ્રકાશ, સમજણની સ્પષ્ટતા અને અજોડ માહાત્મ્યભાવના વહેતી હતી. આમ, શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામીની જોડીએ હવે ઉપાસનાનાં અનેક કાર્યો સહજ રીતે પાર પાડવા માંડ્યાં.


બોચાસણનું મંદિર થઈ ગયું પછી સત્સંગની પ્રવૃત્તિઓ જોરશોરથી શરૂ થઈ. સામે વિરોધની આગ પણ પ્રચંડપણે ભભૂકવા માંડી. પણ ધાર્યું ધણીનું જ થાય તે ન્યાયે વિરોધીઓના આદર્યા અધૂરા રહ્યા. સમૈયા-ઉત્સવો યોજાવા માંડ્યા. એકાંતિક ભક્તો જોડાવા લાગ્યા. સંતોની સંખ્યા વધવા માંડી, કારણ કે, ઘણા વૈરાગીઓ શાસ્ત્રીજી મહારાજના ભાવને સમજ્યા અને જીવન ભક્તિમય સમર્પિત કરવા તત્પર થયા. સ્વાભાવિક જ દ્વેષીઓને આ પસંદ ન હતું. વળી, બોચાસણનું મંદિર સૌની આંખોમાં ખટકતું હતું. એટલે ગઢડાના કોઠારી ભીમજીભાઈએ વડતાલના કોઠારી ગોરધનભાઈ પર પત્ર લખ્યો કે, તમે વાણિયા ગુજરાતના ને દાળ-ભાત ખાઈ રહેનારા, એટલે તમારી નજર સામે યજ્ઞપુરુષદાસે ગુજરાતમાં મંદિર કર્યું અને તમે કાંઈ કરી શક્યા નહિ, જો તે સાબરમતીની આ પાર એટલે કે કાઠિયાવાડના ચોકમાં આવે તો તેમના ખરા ખમીરની ખબર પડે !

શાસ્ત્રીજી મહારાજનો ઉદ્દેશ્ય તો ભગવાનનું શુદ્ધ જ્ઞાન પ્રવર્તાવવાનો હતો. તેમને કોઈને કરી દેખાડવું ન હતું. પણ જોતજોતામાં બોચાસણમાં મંદિર કરી દેનાર શાસ્ત્રીજી મહારાજના સાધુતાભર્યા પ્રભાવથી તો સૌ કોઈ અંજાયા હતા. તેથી સારંગપુરના હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને પોતાને ગામ તેડાવ્યા. કારણ કે, તેઓને તો શાસ્ત્રીજી મહારાજનો (શાસ્ત્રીજી મહારાજ વડતાલમાં હતા ત્યારે સારંગપુર કષ્ટભંજન હનુમાનજી દેવ-સ્વામિનારાયણ મંદિરના વર્ષો સુધી મહંત હતા ત્યારનો) જૂનો સંબંધ હતો. શાસ્ત્રીજી મહારાજે સારંગપુર પધારી ભક્તોને સુખ આપ્યું. એક દિવસ સવારે મોટા કુંડે નહાવા જતા હતા ત્યારે સાથે આણંદના મોતીભાઈ હતા. અત્યારે જ્યાં મંદિર છે તે જગ્યાએ આવીને શાસ્ત્રીજી મહારાજે તેઓને કહ્યું કે, 'આ જ જગ્યાએ મહારાજે રોઝો ઘોડો કુંડાળે ફેરવ્યો હતો (પ.પૂ. પ્રમુખ સ્વામીબાપાએ સારંગપુરમાં આ જ જગ્યાએ શ્રીજી મહારાજની રોઝા ઘોડા પર બિરાજેલ મૂર્તિ પધરાવી છે.) અને મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો. સારંગપુરના જીવા ખાચર, પાંચાળીબા, દેવકુબા, રાઠોડ ધાધલ આદિ ભક્તોને શ્રીજી મહારાજે કોલ આપ્યો હતો કે, 'અમે આ જે જગ્યા પસંદ કરી છે તે જગ્યાએ ભવ્ય મંદિર થશે, જેમાં અમે અમારા ધામ અને અનાદિ મુક્ત સાથે બિરાજીશું. આ ધામ જગપ્રસિદ્ધ થશે.' માટે મંદિર અહીં જરૂર થશે. આપણે અહીં મંદિર કરવું છે માટે કીર્તન બનાવો.'

મોતીભાઈ વિસ્મય પામ્યા કે, હજુ હમણાં જ બોચાસણ મંદિર કર્યું ને વળી તેનું થોડું કામ પણ બાકી છે, કોઠારમાં પૈસા નથી અને સારંગપુરમાં મંદિર ! પણ શાસ્ત્રીજી મહારાજે તેમની મૂંઝવણ અંતર્યામીપણે જાણી તેમની પર દૃષ્ટિ કરી. ત્યાં તો તેમને અત્યારે છે તેવું શિખરબદ્ધ મંદિર દેખાયું. વળી, મધ્યમંદિરે શ્રી મુક્તઅક્ષરપુરુષોત્તમ મહારાજ, દક્ષિણ ભાગમાં ગોપીનાથજી મહારાજ-મુકુન્દ વર્ણીજી અને શ્રી હરિકૃષ્ણ મહારાજ તેમજ ઉત્તર ભાગમાં ધર્મકુળ ! આ દિવ્ય લીલા જોઈ મોતીભાઈના મુખેથી કીર્તન સરી પડ્યું : *'શ્રી સારંગપુરની શોભા સજી અતિ સારી, જોઈ અલૌકિક અદ્ભુત ધામ અવિકારી.'* વળી, સારંગપુર શ્રીજી મહારાજ દ્વારા પ્રસાદિત ભૂમિ ! ગામની રજેરજ શ્રી હરિની સ્મૃતિ કરાવે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ અહીં પધાર્યા હતા. માટે શાસ્ત્રીજી મહારાજનું અંતર સારંગપુરમાં જ મંદિર કરવા ઠર્યું.

આ અરસામાં જૂનાગઢી સાધુઓનું મંડળ એટલે કે, સ્વામી કૃષ્ણચરણદાસજીનું મંડળ સૌનું ધ્યાન ખેંચતું હતું. કારણ કે, તેઓ પણ શ્રી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાનો છડેચોક ઉપદેશ અને પ્રસાર કરતા. તેમાંય અનાદિ સિદ્ધદશા અને ગુણાતીત સ્થિતિવાળા સૌમ્યમૂર્તિ ઝીણાભગત સહજ સૌના આકર્ષણનું કેન્દ્ર હતા. અમરેલી જિલ્લાના ધારી ગામે દેવચંદભાઈ અને પૂરીબાના ઘરે પ્રગટેલા ઝીણાભાઈ નાનપણથી જ પ્રભુભક્તિમાં નિમગ્ન રહેતા. મંદિરની સેવા, સંતોના સમાગમ, પ્રભુભજન એ તેમનું જીવન હતું. કૃષ્ણચરણદાસજીના સમાગમે સાધુ થવા તત્પર ઝીણાભાઈએ માત્ર ૧૬ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો. તેઓની આવી સ્થિતિ જાણી કૃષ્ણચરણદાસજીએ તેમને ૧૭ વર્ષની ઉંમરે પાર્ષદી દીક્ષા આપી હતી. ઝીણા ભગતને ભગવાન અને ભગવાનધારક સાધુના યોગ સિવાય અન્ય કોઈ ઈચ્છા જ હતી નહિ. ગુણાતીતાનંદ સ્વામીના મળેલા કૃષણજી અદાને મળવાની તેઓની ખૂબ તીવ્ર ભાવના હતી. બન્યું એવું કે, સ્વામી કૃષ્ણચરણદાસજીના મંડળને એક વર્ષ માટે રાજકોટમાં રહેવાનો વારો આવ્યો. ઝીણા ભગતના આનંદનો પાર ન રહ્યો. આ એક વર્ષ તેઓએ કૃષણજી અદાનો ખૂબ સમાગમ કર્યો. અદાશ્રીએ ઉપાસનાની, ભગવાનના પ્રગટ સ્વરૂપની, શાસ્ત્રીજી મહારાજના મહિમાની ખૂબ વાતો કરી. અહીં તેઓને બાલમુકુન્દદાસજીનો પણ યથાર્થ મહિમા થયો. કૃષણજી અદાએ સમજાવ્યું કે, 'શાસ્ત્રીજી મહારાજ જે કાર્ય કરી રહ્યા છે તે કાર્ય ભગવાનનું કાર્ય છે અને ભગવાનની મરજીથી જ થાય છે. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, જાગા સ્વામી અને અમે સૌ તેઓ પર ખૂબ રાજી છીએ. એવા એ મોટા સંતવર્ય છે.' આ મહિમા સાંભળી ઝીણા ભગતને શાસ્ત્રીજી મહારાજને મળવાનું મન થયું. હવે રહી શકાય તેમ જ ન હતું. ઝીણા ભગતની આવી તીવ્ર ઉત્સુકતા જાણી અદાશ્રીએ શાસ્ત્રીજી મહારાજને રાજકોટ તેડાવ્યા. શાસ્ત્રીજી મહારાજ રાજકોટ પધાર્યા અને અદાશ્રીના ઘરે ઝીણા ભગતે તેમનાં પ્રથમ દર્શન કર્યાં. ઝીણા ભગત તો

અનિમેષ નયને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરતા જ રહ્યા. પ્રથમ મેળાપમાં જ મૂર્તિ અંતરે સ્થિર થઈ ગઈ. હૈયું પરિતૃપ્ત થઈ ગયું. શાસ્ત્રીજી મહારાજનો સમાગમ પણ અહીં થયો અને સહજ જ તેમની સાથે જોડાવાનો સૌ સંતોને ભાવ ઉદય પામ્યો, તાલાવેલી જાગી.



પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ સાથે પ.પૂ. નિર્ગુણદાસ સ્વામી અને પ.પૂ. યોગીજી મહારાજ

થોડા સમય બાદ જૂનાગઢી સાધુઓનું આખું મંડળ પરત વડતાલ આવ્યું એટલે આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજે ઝીણા ભગતને ભાગવતી દીક્ષા આપી, તેમના ગુણ પ્રમાણે 'જ્ઞાનજીવનદાસજી' નામ પાડ્યું. પ્રથમ સૌ તેઓને 'જ્ઞાનજી સ્વામી' કહી સંબોધતા, બાદ તેઓના સેવકભાવ અને અલમસ્ત આધ્યાત્મિક સ્થિતિનાં દર્શન કરી સૌએ તેમને 'યોગી' કહી બિરદાવ્યા. આમ, અનુપમ, વિરલ સંત યોગીજી મહારાજની સત્સંગ સમુદાયને ભેટ મળી ! આ જૂનાગઢી સંતોને પણ ઉપાધિઓ નડતી. સુખેથી ભજન થઈ શકતું નહિ અને છડેચોક ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાની વાત થઈ શકતી નહિ. કૃષ્ણજી અદાએ સૌને ઉપાસનાના કાર્યમાં શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાવા આજ્ઞા કરી. બોચાસણમાં જે જ્ઞાન પ્રવર્ત્યું છે તેને વેગ આપવા કૃષ્ણજી અદા અને બાલમુકુન્દદાસજીએ ખૂબ બળ પૂર્યાં. સ્વામી વિજ્ઞાનદાસજીની આગેવાની હેઠળ સંતો જૂનાગઢથી નીકળ્યા. આ સમયે ભંડારમાં ગુણાતીતાનંદ સ્વામીએ પૂજેલી શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હતી, જે સ્વામી કૃષ્ણચરણદાસજી પાસેથી પ્રાપ્ત કરી તેને સાથે લઈને નીકળ્યા. સૌની ઈચ્છા રાજકોટ જઈને કૃષ્ણજી અદાને મળવાની હતી, તેથી સૌ રાજકોટ આવ્યા. કૃષ્ણજી અદા ખૂબ રાજી થયા. તેઓએ શાસ્ત્રીજી મહારાજને રાજકોટ તેડાવ્યા. શાસ્ત્રીજી મહારાજ પણ ઉતાવળે ટ્રેઈનમાં રાજકોટ પધાર્યા. આમ, યોગીજી મહારાજ સહિત સાત સંતો – સ્વામી વિજ્ઞાનદાસજી, ભગવતસ્વરૂપદાસજી, સ્વામી બાલ-મુકુન્દદાસજી (નાપાડવાળા), બળદેવચરણદાસજી, પ્રભુચરણદાસજી આદિનો સંકલ્પ પૂર્ણ થયો. તેઓ શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાયા અને સૌ સારંગપુર પધાર્યા, જાણે સાગરમાં સરિતા ભળી ! શાસ્ત્રીજી મહારાજે ઉપાડેલું કાર્ય તીવ્ર વેગે સાકાર થવા લાગ્યું.

સારંગપુરના ભક્તો પાસે ધન-દોલત પ્રમાણમાં ઓછાં હતાં, પણ સૌ શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ અને તેને પાર પમાડવાની શક્તિથી વાકેફ હતા. પોતાના ગામમાં મંદિર થાય તેના આનંદની સાથે સારંગપુરના ભીમાશેઠ, નાગજી શેઠ, રૂડા ખાચર, ઓઘડ ખાચર આદિ શાસ્ત્રીજી મહારાજને બોચાસણમાં મળવા પધાર્યા અને સારંગપુરમાં મંદિર કરવા પ્રાર્થના કરી. તેથી શાસ્ત્રીજી મહારાજ સાથે નગાસરના ભૂધરભાઈ તથા નડીયાદના રામચંદ્રભાઈ આદિ ભક્તો પણ સારંગપુર પધાર્યા. મંદિર કરવા પૂર્વે સંતોને ઉતારવા માટે ઉતારાની સગવડ કરવાની હોવાથી શાસ્ત્રીજી મહારાજે પીઠા ખાચરના ઓરડા લેવાનું નક્કી કર્યું. તે માટેની રકમ ઝવેરલાલભાઈ, ભૂધરભાઈ, રામચંદ્રભાઈએ મળીને ચૂકવી દીધા. સારંગપુરથી શાસ્ત્રીજી મહારાજ ગામડાંઓમાં વિચરણ કરતા કરતા લીમડી પધાર્યા. લીમડીના દીવાન શાસ્ત્રીજી મહારાજના કાર્યથી વાકેફ હતા. તેઓ આવું અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે તેમાં મદદરૂપ થવા ઠાકોર સાહેબને કહી મોટી જમીન અપાવવાનો વાયદો કર્યો. જ્યાં શ્રીજી મહારાજે મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો તે જ જમીન લેવાનો ભાવ શાસ્ત્રીજી મહારાજે પ્રગટ કર્યો. દીવાન અને ઠાકોર સાહેબની મદદથી સારંગપુરમાં મંદિર કરવા માટે ચોવીસ એકર જમીન મોજણીદારે માપીને ખૂંટીઓ મારી આપી. અને આ સિવાયની જમીન ધોળકાના શેરમિયા પાસેથી શાસ્ત્રીજી મહારાજે મેળવી. આમ, સારંગપુરમાં મંદિર કરવાનાં પગરણ મંડાયાં.

શાસ્ત્રીજી મહારાજના સેનાનીઓની કાર્યશૈલી અને કુશળતા અલૌકિક હતા, તેમની ભક્તિ અજોડ હતી ! માનત સ્વામી, મોટા ગોવિંદ સ્વામી ઝોળી માંગી મંદિરનું કાર્ય ચલાવતા. ટાઢ, તડકો, ભૂખ, તરસ, તિરસ્કાર, ઉપેક્ષા આદિ કષ્ટો સહન કરીને પણ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવતા. નિષ્કામી સાધુ નારાયણચરણદાસ થાક કે ઊંઘની પરવા કર્યા વગર અખંડ સેવામાં પ્રવૃત્ત રહેતા. અક્ષરપુરુષદાસ અને ભક્તિવલ્લભદાસ-આ બંને સંતો કારખાનામાં કાયમ કામ કરતા. ભારેખમ પત્થરોને ફૂલ ઊંચકે તેમ હળવાશથી ઊંચકી યથાયોગ્ય સ્થાને મૂકી દેતા. નિર્ગુણદાસ સ્વામીની તો વાત જ શી કરવી ! તેઓ શાસ્ત્રીજી મહારાજના જમણા હાથ બનીને તમામ કાર્યો પાર પાડતા. શાસ્ત્રીજી મહારાજ ઉપાસના પ્રવર્તન કાર્યમાં નિર્ગુણદાસજીના ભક્તિપૂર્ણ

પુરુષાર્થને સદાય બિરદાવતા. કોઠારી પ્રભુદાસજીની કાર્યદક્ષતા પણ અસાધારણ હતી ! અનુભવી, બાહોશ પણ પ્રભુભજન કરી સાધુગુણ પ્રાપ્ત કરવાના કોડ સેવતા બોચાસણના કોઠારી પ્રભુદાસજીની સ્થિતિ જ્ઞાન અને સમજણથી સભર હતી. બોચાસણ, સારંગપુરની જમીન તેઓના જ નામે લેવાઈ હતી. આમ, શાસ્ત્રીજી મહારાજે આરંભેલું કાર્ય સુપેરે પાર પડતું ગયું, જેમાં સ્વાભાવિક જ આ સંતોનાં પ્રદાન અનુપમ અને નોંધનીય હતાં. આ સંતો સાથે જૂનાગઢથી આવેલા સંતોને શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં રોકી, કથા-વાર્તા અને ઝોળી ઉઘરાવવાની અને મંદિરનિર્માણની સેવામાં જોડ્યા. ત્યારબાદ બોચાસણમાં આ નવા જોડાયેલા સંતોનાં સ્વાગત-સત્કારનો સમૈયો થયો, જેમાં આશરે પાંચ હજાર ભક્તો પધાર્યા અને નવા જોડાયેલા સંતોને વધાવી લીધા.

સારંગપુરમાં પ્રથમ પીઠા ખાચરના ઓરડામાં શ્રી ઠાકોરજીની પટની મૂર્તિઓ શાસ્ત્રીજી મહારાજે પધરાવી. આ પ્રસંગે પણ બોટાદમાં ભારે વિરોધ ઊઠ્યો, પણ ટકી શક્યો નહિ. સારંગપુરમાં સંપ્રદાયનું સૌથી ઊંચું મંદિર થાય તેવો ભાવ શાસ્ત્રીજી મહારાજને હતો. માટે આખા મંદિરની રચનાનું આયોજન, નકશા આદિ સઘળું શાસ્ત્રીજી મહારાજે જ નક્કી કરી આપ્યું. સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજ સંતો-પાર્ષદો વધારતા ગયા અને મંદિરના કાર્યને વેગ આપતા ગયા. મંદિરનું કાર્ય પુરજોશમાં આગળ વધ્યું ને પાયા ખોદવાનો સમય આવ્યો એટલે ખાતમુહૂર્ત મુક્તરાજ ઈશ્વરભાઈ પ્રભુદાસના શુભ હસ્તે શાસ્ત્રીજી મહારાજે કરાવ્યું.

આ મંદિર નિર્માણકાર્યમાં જોડાનાર સંતો પાસે રસોઈ કરવા પૂરતાં વાસણો પણ ન હતાં. કદાચ કોઈ વાસણો લેવા પૈસા આપે તો કોઠારી શંકર ભગત તેનો ઉપયોગ દાડિયાને ચડેલી દાડી ચૂકવવામાં કરી દેતા. ઝોળી માંગનાર સંતોને બાજરાનો લોટ માંડ માંડ મળતો. અરે ! છાશ પણ ભાગ્યે જ મળતી ! યોગીજી મહારાજ અને સંતો ખાંભડામાં ઝોળી માંગતા ત્યારે માંડ સારંગપુરમાં તાવડી ચડતી. પણ, ઉપાસના પ્રવર્તનમાં આવનારી આ મુશ્કેલીઓને સંતો નહિવત્ ગણતા. એનો તેઓને કશો ભાર જ નહતો. આ તકલીફોમાં પણ તેઓને પ્રભુભક્તિ, ગુરુભક્તિ અદા કર્યાનો અકલ્પ્ય આનંદ આવતો. કોઈનો સાથ મળે નહીં, એક એક દોકડાનો પણ વિચાર કરવો પડે, વિરુદ્ધ પ્રચારની ભીંસમાં આવું મોટું મંદિર કેવી રીતે શક્ય બને તેવા વિચાર આવવા સહજ હતા. તેમ છતાં સંતોના શ્રીમુખે હૃદયોદ્‌ગાર સરતા કે, 'અહીં તો સર્વોપરી મંદિર સાકાર થશે.' કારણ કે, તેઓને શાસ્ત્રીજી મહારાજ પર અપ્રતિમ વિશ્વાસ અને અડગ શ્રદ્ધા હતી ! યોગીજી મહારાજ સવારે ૩ વાગ્યે ઊઠીને સૌ માટે રોટલા બનાવતા, મંદિરની જમીનમાં વાડ કરતા, સંતો સાથે સેવામાં જોડાતા. સારંગપુર અને આસપાસનાં ગામોમાં ઝોળી માંગવા જતા. એક વખત મોડી રાત્રે ૭૦-૭૫ ભક્તોનો સંઘ આવ્યો. બધા સંતો સૂઈ ગયા હતા, એટલે શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજ પર અપ્રતિમ વિશ્વાસ રાખી તેમને ઉઠાડ્યા. 'જોગી વગર મારું કોણ શોભાડશે !' આ તેમના હૃદયોદ્‌ગાર હતા. રાત્રે યોગીજી મહારાજે ઉમંગથી કઢી-ખીચડી બનાવી સૌ ભક્તોને જમાડ્યા.

મંદિરનું કામ ચાલતું હતું ત્યારે ત્યાંથી બાલમુકુન્દદાસ સ્વામી પસાર થતા હતા. તેઓએ સેવા કરતા સંતો-સેવકોને જોયા એટલે આશિષ વરસાવ્યા ને કહ્યું કે, જે સેવા ૫૦૦ પરમહંસોને દુર્લભ હતી તે મહારાજ અને સ્વામીની સેવા તમને મળી છે. તમે ખૂબ ભાગ્યશાળી છો ! મંદિરના કારખાનામાં કામ કરનારની સદા અછત રહેતી તો શાસ્ત્રીજી મહારાજ જાતે જ મહેનત કરવા લાગી જતા. ચણતરકામ કરતા કડિયાઓને ચૂનો કે પથ્થર પહોંચાડવાની ગાડીઓ કે રેંકડો શાસ્ત્રીજી મહારાજ સ્વયં ખેંચતા. મંદિરના આ નિર્માણકાર્યમાં સારંગપુરના વણિક ભક્ત કાળીદાસ માવજી તથા મોહનભાઈ માવજીએ ખૂબ પક્ષ રાખ્યો. કુંવરજી ભક્ત અને વાલા ભક્ત પણ બહિષ્કારની બીકને અવગણી રોજ કડિયાકામ માટે આવતા. મંદિરના ઊંડા પાયા, તેનું પુરાણ, પોરબંદરી પત્થરની સ્તંભપંક્તિ સૌને આકર્ષતી. પણ, ઓછા સેવકો અને સાધન-સંપદાની અછતને પરિણામે મંદિરનિર્માણનું કાર્ય અન્ય સૌને અશક્ય લાગતું. તેવામાં એક પ્રસંગે ગુજરાતના મોટેરા હરિભક્તોની હાજરીમાં શાસ્ત્રીજી મહારાજે મંદિર માટે ભુલાભાઈ જેઠાભાઈ પાસે આગ્રહપૂર્વક ખરડો કરાવ્યો, જેનાથી મંદિરનિર્માણકાર્યને વેગ મળ્યો.

આવી જ રીતે શાસ્ત્રીજી મહારાજે મંદિર માટે લખણી કરાવી, જેમાં નિષ્ઠાવાન મુક્તરાજ છગનભાઈ પણ ઉપસ્થિત હતા. શાસ્ત્રીજી મહારાજે છગનભાઈ પાસે જ ખરડાનો આરંભ કરાવ્યો. લાખો રૂપિયાના મંદિર માટે ૩૫ રૂપિયાની સામાન્ય રકમ છગનભાઈએ મૂંઝાતા-મૂંઝાતા આપી ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા કે, 'તમારા જેવા નિષ્ઠાવાન ભક્તોનો એક-એક રૂપિયો કરોડ રૂપિયા બરાબર છે. એમાંથી જ આ મંદિર પૂરું થવાનું છે.' શાસ્ત્રીજી મહારાજ આવા ભક્તોને મંદિરની, પ્રભુની સેવામાં જોડી કલ્યાણના ભાગીદાર બનાવતા, આસક્તિ રહિત કરી દેતા.

આ અરસામાં ગુજરાતી સાહિત્યના સાક્ષરશ્રી દોલતરામ કૃપારામ પંડ્યા કે, જેઓ વડતાલ કમિટીના સભ્ય અને સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા, તેઓએ શાસ્ત્રીજી મહારાજને મળવા આમંત્રણ આપ્યું. શાસ્ત્રીજી

મહારાજ વડતાલમાં હતા ત્યારથી શાસ્ત્રીજી મહારાજની વિદ્વત્તાથી તેઓ વાકેફ હતા. તેથી જ શાસ્ત્રીજી મહારાજ જે ઉપાસનાની વાત કરે છે તે જાણવામાં તેઓને ખૂબ રસ હતો. વડતાલથી મહાપ્રસ્થાન કર્યાનાં દસ વર્ષ બાદ તેઓ શાસ્ત્રીજી મહારાજને મળતા હતા. શાસ્ત્રીજી મહારાજની પૂજા, આગતા-સ્વાગતા કર્યા બાદ પંડ્યાજીએ પૂછ્યું કે, 'શું આપને વડતાલમાં જોડાવાનો વિચાર છે ?' શાસ્ત્રીજી મહારાજે વચનામૃત ગઢડા મધ્યના ૨૧મા પ્રકરણની વાત વડતાલ સંસ્થા કબૂલ રાખે તો ભેગા થવામાં કોઈ વાંધો નથી, તેમ જણાવ્યું. એટલે પંડ્યાજીને એ વચનામૃત સમજવાનો રસ જાગ્યો. શાસ્ત્રીજી મહારાજે પોતાની લાક્ષણિક શૈલીમાં, અસ્ખલિત વાક્‌પ્રવાહ સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના માહાત્મ્યની વાતો કરી, ભગવાને ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરનો અવતાર જણાવ્યો તે વાતો કરી. શ્રી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવવા મંદિરોની અનિવાર્યતાની વાતો કરી. યુગલ ઉપાસના દ્વારા કલ્યાણ હાથ લાગ્યાની વાતો કરી, જે સાંભળી દોલતરામ પંડ્યા અભિભૂત થઈ ગયા. તેઓ બોલ્યા કે, 'હે શાસ્ત્રીજી મહારાજ ! જે કાર્ય કરવા શ્રીજી મહારાજે ફરી અવતાર ધરી આવવું પડે તે કાર્ય આપે કર્યું છે ! આપની મહત્તા અપાર છે ! એટલે આજે તો આપે મહારાજ-સ્વામીની પંચધાતુની મૂર્તિઓ પધરાવી છે, પણ ભવિષ્યમાં આપના શિષ્યો આપની સુવર્ણની મૂર્તિઓ પધરાવશે !'

મંદિરની દક્ષિણ દિશામાં પત્થરોનાં ઘડતર, ઘસાઈ અને ચૂનો કાલવવાનું કામ ચાલતું હતું. આ સેવામાં ગુલઝારીલાલ નંદા જેવા અગ્રણી ભક્તો પણ જોડાતા. સારંગપુરમાં પધરાવવાની શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમ મહારાજની પંચધાતુની મૂર્તિઓ વડોદરામાં બાપુલાલ કંસારા દ્વારા તૈયાર થઈ રહી હતી. સિંહાસનોની સેવા કરવા ગાનાના રણછોડભાઈ અને ત્રિકમભાઈ મિસ્ત્રી પણ શાસ્ત્રીજી મહારાજે નક્કી કર્યા હતા. તે સૌ પાસે પધારી શાસ્ત્રીજી મહારાજ માર્ગદર્શન આપતા. જે લોકો સારંગપુરના મંદિરની કે શાસ્ત્રીજી મહારાજના કાર્યની અવગણના કે ઉપેક્ષા કરતા હતા તેમનાં મોં સિવાઈ ગયાં. મંદિરમાં કામ કરતા માણસોને વિરોધીઓએ અટકાવ્યા તો બીજા માણસો કામમાં જોડાયા. મંદિર માટે બધી વ્યવસ્થાઓ આપમેળે જ ગોઠવાવા લાગી. તમામ વિઘ્નો ટળવા લાગ્યાં. જોતજોતાંમાં મંદિર તૈયાર થવા આવ્યું.

આ સમાચાર લીમડીના ઠાકોર સાહેબને મળ્યા એટલે મંદિરનાં દર્શન કરવા કાકા સાહેબ, દીવાન સાહેબ આદિને લઈ સારંગપુર પધાર્યા. બોટાદથી નગરશેઠ હિંમતલાલભાઈ પણ આવ્યા. દ્વેષીઓને તક મળી એટલે તેઓએ ઠાકોર સાહેબના કાનમાં વિષ રેડ્યું કે, 'આ શાસ્ત્રી તો મંદિરમાં તેમના ગુરુ જાગા અને પ્રાગાની મૂર્તિઓ પધરાવશે. વળી, આપણા ઈષ્ટદેવ તો રાધા-કૃષ્ણ કહેવાય, તેથી તેમની મૂર્તિઓ મધ્યમંદિરમાં બેસે તો જ સંપ્રદાયની રીતે મંદિર થયું કહેવાય !' ઠાકોર સાહેબ એ મિષ લઈને મંદિરે પધાર્યા. આવતાંની સાથે જ પૂછ્યું કે, 'જૂના મંદિરમાં ગોપાળાનંદ સ્વામીની પ્રસાદીની લાકડી છે, જે ભૂત ભગાડે છે એવી કોઈ ચમત્કારી વસ્તુ તમારી પાસે છે ?' આ સાંભળી તરત જ હિંમતલાલભાઈ બોલ્યા કે, 'શાસ્ત્રીજી મહારાજ તો નવી લાકડી કરે તેવા સમર્થ છે. તેમનો આવો પ્રતાપ આજે ચારેય કોર ફેલાઈ રહ્યો છે.' પછી કાકા સાહેબે સમય જોઈ જાગા અને પ્રાગાની મૂર્તિઓ પધરાવવા અંગે સવાલ કર્યો. એટલે શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'પ્રાગજી ભક્ત અને જાગા સ્વામીની મૂર્તિઓ મધ્યમંદિરે પધરાવવાનો સંકલ્પ અમને માન્ય નથી. વળી, મંદિરમાં ચડતાં જ પ્રથમ ડેરામાં રાધા-કૃષ્ણની મૂર્તિઓ પધરાવીશું. પણ મધ્ય મંદિરે તો શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ જ બિરાજશે ! અમે આ કષ્ટ તેમના માટે જ સહન કર્યાં છે અને આ મુંડાવ્યું પણ તેઓ માટે જ છે.' શાસ્ત્રીજી મહારાજનો અડગ ઘેરો સ્વર ગર્જના સમાન અનુભવાયો. સત્તાધીશોની શેહમાં ભરમાયા વગર સ્પષ્ટપણે સચોટ વાત કરનારા શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે ઉલટાનો સૌને વિશેષ ભાવ જાગ્યો. સહર્ષ આ સત્તાધારીઓએ શાસ્ત્રીજી મહારાજના કાર્યમાં સાથ આપવા બાંહેધરી આપી.

સારંગપુરનું મંદિર તૈયાર હતું. મૂર્તિપ્રતિષ્ઠાની તૈયારીઓ ચાલી રહી હતી. કાઠિયાવાડમાં મંદિર કરવા માટેનું ખમીર ચકાસનાર ભીમજીભાઈ અવાક્ બની ગયા હતા. વિશાળ ગગનચુંબી મંદિર સઘળા પ્રશ્નો, વિરોધ-વિઘ્નો અને દ્વેષનો સચોટ જવાબ હતું. મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત વિક્રમ સંવત ૧૯૭૨ના વૈશાખ સુદિ છઠનું નક્કી કરાયું. આમંત્રણ પત્રિકાઓ લખાઈ અને વિતરણ કાર્ય આરંભાયું. દેશ-વિદેશથી ભક્તો સેવામાં ઉમટવા લાગ્યા. યજ્ઞની તૈયારીઓ થવા લાગી. રસોઈ અને ઉતારાની વ્યવસ્થાઓ ગોઠવાવા લાગી. નિર્ગુણદાસ સ્વામીની સૂચના અનુસાર રાશન અમદાવાદના ભક્તો ખરીદી કરીને સારંગપુર મોકલવા માંડ્યા. વડોદરાથી મૂર્તિઓ પણ સારંગપુર આવી ગઈ. નડિયાદના રામચંદ્રભાઈ અને કરમસદના ડૉ. નાથાભાઈએ (પ.પૂ. દાદુકાકા-પ.પૂ. પપ્પાજીના પિતાશ્રી) મૂર્તિઓનો ખર્ચ આપ્યો.

શાસ્ત્રીજી મહારાજ સ્વયં પાકશાળા, યજ્ઞશાળા, કોઠાર, ભંડાર, સાધુની જાયગા, સભામંડપ, ભક્તોના ઉતારા પર પધારી જરૂરી વ્યવસ્થા

ચકાસતા અને માર્ગદર્શન આપતા. પ્રતિષ્ઠાના પાંચ દિવસ અગાઉ ભોજનશાળામાં શીરો બનાવવાનું કામ આરંભ્યું. રાત-દિવસ સુખડિયાઓ શીરો બનાવવા લાગ્યા. પાંચ રાત્રીના ઉજાગરા અને દિવસની અસહ્ય ગરમીથી થાકી સુખડિયાઓએ વધુ શીરો બનાવવાની ના કહી. માંડ અઢીસો મણ શીરો બન્યો. દીવાન સાહેબ સહિત ઘણાને થયું કે, આટલો શીરો સૌ ભક્તોને થઈ રહેશે નહિ. પણ, શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'ભગવાન પૂરું કરી આપશે માટે કોઈ ચિંતા કરશો નહિ !'

વૈશાખ સુદિ પાંચમના દિવસે શાસ્ત્રીજી મહારાજે સભા કરી અને શ્રીજી મહારાજે જીવા ખાચરને આપેલો વર સાકાર થયો એમ જણાવી આ મંદિરની ઉત્પત્તિ અંગે સૌને સ્પષ્ટ રજૂઆત કરી. અસંખ્ય માણસો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. બીજા દિવસે-પ્રતિષ્ઠાના દિવસે સવારે યજ્ઞશાળામાં વેદોકતવિધિથી મૂર્તિઓની પૂજા થઈ. મધ્યમંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને અનાદિ મહામુક્ત યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામી તેમજ પ્રથમ ખંડમાં ગોપીનાથજીની મૂર્તિપ્રતિષ્ઠા બરાબર સવારે નવ વાગ્યે શાસ્ત્રીજી મહારાજના વરદ્ હસ્તે થઈ. મૂર્તિઓની નેત્ર-અનાવરણ વિધિ સમયે રાખેલો દર્પણ ફૂટ્યો અને તેથી મહારાજ, સ્વામી સાક્ષાત્ આ મૂર્તિઓમાં બિરાજે છે તેની સૌને પ્રતીતિ થઈ. શાસ્ત્રીજી મહારાજની અલૌકિક સ્થિતિની સૌને અનુભૂતિ થઈ. આ પ્રમાણે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ શાસ્ત્રીજી મહારાજ નિર્મિત બીજા મંદિરમાં બિરાજમાન થયા, તેનો આનંદ અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયઘોષ સર્વત્ર ગુંજી ઊઠ્યો.

પ્રતિષ્ઠાની આરતી બાદ સૌ મહાપ્રસાદ લેવા પધાર્યા. શ્રી ઠાકોરજીના મહાપ્રસાદ રૂપ શીરો ખુટાડી શાસ્ત્રીજી મહારાજનું ખરાબ દેખાડવાના ભાવથી પધારેલ દ્વેષીઓ ટોપલા ભરીને વેડફવા લાગ્યા. જોતજોતામાં અડધો હોજ ખાલી થઈ ગયો. વ્યવસ્થામાં પરોવાયેલ સેવકો મૂંઝાયા કે, હવે કેવી રીતે પૂરું થશે! શાસ્ત્રીજી મહારાજ પાસે એ વાત આવી એટલે પરભાવમાં આવી તેઓએ શીરાના હોજ પર પતરાં ઢંકાવી દીધાં, ઘીનો દીવો કરાવ્યો અને આશીર્વાદ દીધા કે, 'શીરો ઘણો છે, આઠ દિવસ નહિ ખૂટે!' વળી, શીરો પીરસવાની વ્યવસ્થા પણ ગોઠવી આપી. લગભગ બે લાખ હરિભક્તોને સવારના નવ વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધી જમાડ્યા. ત્યારબાદ વ્યવસ્થામાં રોકાયેલા ભક્તો જમ્યા. બીજે દિવસે પણ રોકાયેલા ભક્તોને હોજમાંથી શીરો કાઢીને પ્રેમથી જમાડ્યો ને પછી આખું ગામ જમાડ્યું. ત્રીજે દિવસે પણ તે જ પ્રમાણે કર્યું. શીરો હજુ પણ તાજો અને મઘમઘતો જ હતો. ચોથે દિવસે ત્રણ ગાડાં ભરીને શીરો બરવાળા અને પાંચ ગાડાં ભરીને શીરો બોટાદ મોકલ્યો. પછી શ્રી ઠાકોરજીની મૂર્તિ ઉપાડી લીધી તેમજ દીવો પણ લઈ લીધો. પતરાં ઉપાડીને જોયું તો હોજ જેમના તેમ ભરેલા હતા. આઠ દિવસ સુધી એ સ્વાદિષ્ટ શીરો ભક્તો જમ્યા.

આ વાત સર્વત્ર વાયુવેગે પ્રસરી. શાસ્ત્રીજી મહારાજના પ્રૌઢ પ્રતાપથી સૌ કોઈ સમજી ગયા કે, શાસ્ત્રીજી મહારાજમાં રહીને પ્રભુ કાર્ય કરી રહ્યા છે. અન્ય કોઈની મહોબ્બત મૂકી હવે સૌ શાસ્ત્રીજી મહારાજમાં જોડાવા લાગ્યા અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોને અપનાવવા લાગ્યા. જીવનમાં આવેલ હકારાત્મક પરિવર્તનને માણવા, અનુભવવા લાગ્યા. સહજ સુખ, શાંતિ અને આનંદને ભોગવવા લાગ્યા.

હજુ પણ સારંગપુર મંદિરનું અધૂરું રહેલું કામ ચાલતું હતું. પત્થરોનાં વેગનો આવતાં તે સોમા ભગત અને સંતો-ભક્તો માત્ર દાળિયા ફાકીને, ભીડો ખમીને પણ કાચા કલાકોમાં જ ઉતારી દેતાં. કોઈ જાતનાં અદ્યતન સાધનો વગર મોટા મોટા પોરબંદરી પત્થરો ચઢાવતા સ્વામી અક્ષરપુરુષદાસજી અને સોમા ભગતની કાર્ય કુશળતા જોઈ સૌ આશ્ચર્યચકિત થઈ જતા. તેવામાં એક પ્રસંગ બન્યો. શ્રી ઠાકોરજીના વચલા મંદિરના તરઘટ (ઊમરા) માટેનો આશરે ૧૫૦ મણ વજનનો પત્થર જાડા રાંઢવાંના સાત બંધથી બાંધેલો હતો, જે ઉપર ચડતો હતો. અચાનક જ એક બંધ તૂટ્યું અને કોઈ કશું વિચાર કરી શકે તે પહેલાં જ બીજું, ત્રીજું, ચોથું એમ છ બંધ તૂટ્યા. એક જ બંધ પર પત્થર એક બાજુ લટકી રહ્યો. સૌને થયું કે, જો પડશે તો નીચે ઘડીને તૈયાર બીજા પત્થરો તોડી નાખશે. સૌ ગભરાયા અને શાસ્ત્રીજી મહારાજને બોલાવવા દોડ્યા. શાસ્ત્રીજી મહારાજ પધાર્યા. પરિસ્થિતિ પામીને લટકતા પત્થર બાજુ જોઈને એક હાથ ઊંચો કર્યો અને બોલ્યા કે, પથ્થર હવે નહિ પડે! વળી, સોમા ભગતને કહ્યું કે, 'પત્થર ઉપર ચડીને તૂટેલા રાંઢવાના બંધ બાંધી દો ! સૌ વિસ્મય પામ્યા કે, એક જ બંધ પર સોમા ભગત ચડે તો વજન વધી જાય અને પત્થર પડી જાય ને ભગતનો જીવ પણ જાય ! પરંતુ, સોમા ભગત વિશ્વાસથી શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાયેલા હતા. આજ્ઞા મળતાં જ તેઓ દોડીને હળવેકથી પત્થર પર ચઢી ગયા. એકાદ આંચકો આવ્યો પણ પછી સ્થિર થયા. શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ તેઓ તરફ જ હતી તેથી તેમને શ્રદ્ધા હતી કે, સમગ્ર બ્રહ્માંડ તૂટશે તોય આ પત્થર નહિ તૂટે. ખૂબ નિર્ભયતાથી સોમા ભગતે બધા જ તૂટેલા બંધ બાંધી દીધા અને શાસ્ત્રીજી મહારાજનો આવો પ્રતાપ જોઈ, ભક્તોની આવી ભક્તિ જોઈ સૌ તેઓના શ્રી ચરણે નમી રહ્યા.

વિચરણ દરમિયાન બોચાસણથી આણંદ થઈ શાસ્ત્રીજી મહારાજ સારંગપુર આવતા હતા. પોતે ધન તો રાખે નહિ ને વળી, આણંદના





સારંગપુર મંદિરમાં પ્રતિષ્ઠિત દક્ષિણખંડમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સેવક મુકુન્દવર્ણી તેમજ ઉત્તરખંડમાં મધ્યમાં શ્રી ઘનશ્યામ મહારાજ સહિત ધર્મકુળ

ભક્તો લગ્નપ્રસંગે બહારગામ ગયા હતા, માટે કોઈ હરિભક્ત ટિકિટ કઢાવી આપશે તેમ વિચારી સીધા જ રેલવે સ્ટેશને આવ્યા. પણ, સ્ટેશને કોઈ જ ન મળ્યું તેથી ગામમાં ગયા. પણ ત્યાં પણ કોઈ ન મળ્યું. રાત થઈ ગઈ હતી. ગામથી સ્ટેશન અને સ્ટેશનથી ગામનાં ત્રણ-ચાર ચક્કર માર્યાં, છેવટે એક ભક્ત મળ્યા જેમણે બોટાદ સુધીની ટિકિટ કઢાવી આપી ને શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધાર્યા. શ્રીજી સમ ઐશ્વર્યના ધારક શાસ્ત્રીજી મહારાજે ભગવાન સિવાય કશાયનો સંગ્રહ કર્યા વગર કેવળ પ્રભુના બળે કાર્ય કર્યું તેનું આ સર્વોત્તમ દૃષ્ટાંત છે. છેલ્લા શ્વાસ સુધી શાસ્ત્રીજી મહારાજ અસહ્ય સંઘર્ષ, પ્રચંડ વિરોધ અને દુર્દમ્ય કઠિનતાઓ સામે અડીખમ રહીને, ઉપાસનાનાં મંદિરોના સર્જનમાં જાતને ઘસતા રહ્યા. આ મંદિરોના નિર્માણમાં તેઓએ દેહ ઘસી નાખ્યો. શ્રમયજ્ઞ કર્યાં, ઝઝૂમ્યા, ટાઢ-તાપ જોયા વિના નીચી ટહેલની સેવાઓ કરી, તગારાં-પાવડા-કોદાળી સાથે નાતો બાંધી દીધો; આવી રીતે મંદિરો તૈયાર કર્યાં. એમને મન આ મંદિરો સ્પર્ધા કે કીર્તિ માટે ન હતાં, પણ શુદ્ધ સનાતન ઉપાસના પ્રવર્તન માટેનાં આધાર હતાં. તેઓ આવાં કષ્ટ સહન કરતાં ત્યારે સૌને થતું કે, આવા ઐશ્વર્યવાન સાધુને વળી ઝોળી માંગવાની ન હોય! ત્યારે પ્રભાવમાં આવીને શાસ્ત્રીજી મહારાજ બોલતા કે, 'મહારાજે પોતે ઝોળી માંગેલી ને પરમહંસો પાસે પણ મંગાવેલી કે, જેથી જે મુમુક્ષુને તેઓનાં દર્શન થાય તેઓનું કલ્યાણ થાય. સ્વામી-શ્રીજીના બળે અને આ ઝોળી પર મુસ્તાક રહીને આ મંદિરો બાંધું છું. મારો જન્મ આ સારું જ થયો છે.' વળી તેઓ કહેતા કે, 'અક્ષરપુરુષોત્તમ માટે શ્વપચને ત્યાં પણ વેચાવું પડે તો ઓછું છે. અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે માંગેલી મારી ઝોળીમાં જો કોઈ એક કણ પણ આપશે તેને હું અક્ષરધામ બક્ષિસ આપીશ.'

તેમાંય સારંગપુર શાસ્ત્રીજી મહારાજને અતિ પ્રિય હતું. તેઓ કહેતા કે, 'સારંગપુર તો મારા જીવ સાથે જડાયેલું છે. સારંગપુર તો અક્ષરધામ તુલ્ય છે.' સારંગપુર મંદિરનું પ્લાનિંગ કરવાનું કોઈએ મુંબઈના પ્રસિદ્ધ આર્કિટેક્ટ કોરા એન્ડ ભટ્ટનું નામ સૂચવ્યું ત્યારે શાસ્ત્રીજી મહારાજે પળવારમાં કાગળ પર પૅન્સિલ લઈને આખા મંદિર અને સંકુલનું સુંદર પ્લાનિંગ કરી આપ્યું. તેઓની સ્થાપત્ય અને શિલ્પ પ્રતિની કલાસૂઝ નિરાળી હતી. સારંગપુર મંદિરમાં હવેલી તથા ધર્મશાળામાં લાકડાનું નકશીકામ પણ શાસ્ત્રીજી મહારાજે જ પોતાની આગવી સૂઝથી કરાવ્યું હતું. પથ્થર માટે વેપારીઓને જાતે મળે, લાકડાં માટે વૃક્ષ જાતે પસંદ કરે, કઈ ખાણમાંથી સારો પત્થર નીકળશે તે પણ તેઓને ખબર !

વળી, સારંગપુર મંદિર માટે ભક્તોનું સમર્પણ પણ અપ્રતિમ હતું. ખાનદેશના મોચડી ગામનાં ચેડીબાએ કળશની સેવા માટે પોતાનાં સુવર્ણનાં બધાં જ ઘરેણાં સમર્પિત કરી દીધાં હતાં. નાગસરના ભૂધરભાઈએ સારંગપુરના મંદિર માટે પહેલેથી જ બધું સમર્પણ કરી રાખ્યું હતું, તેમ છતાં શાસ્ત્રીજી મહારાજ તેઓના ઘરે સેવા લેવા પધાર્યા ત્યારે આખા વર્ષની ખેતીની ઉપજની રકમમાંથી ઘરખર્ચની રકમ રાખી, અન્ય સઘળી રકમ મંદિરની સેવામાં ધરી દીધી. મંદિરનિર્માણની સેવા કરતા કડિયાઓનો પગાર ચૂકવવાનો સમય થતો ત્યારે નોકરી કરતા હરિભક્તો વૈજનાથભાઈ, હરગોવિંદભાઈ આદિ પોતાના પગારની તમામ રકમ સેવામાં આપી દેતા.

સારંગપુર મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાનાં બાર વર્ષ પછી શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા ધર્મકુળની મૂર્તિઓ પધરાવવાનું શાસ્ત્રીજી મહારાજે નક્કી કર્યું. તેના યજ્ઞ માટે રઢુ ગામના ભક્તો પાસે ખરડો કરાવી સેવા લીધી. ભક્તો પણ ઘર બાળીને તીરથ કરે તેવા નિષ્ઠાવાન હતા. આ નિમિત્તે એક

વખત ખરડો થઈ ગયો હતો છતાં આ વખતે પહેલા કરતાં દસ ગણી વધુ રકમ ભક્તોએ સેવામાં આપી. પુરુષોત્તમપરાના આશાભાઈના વિશાળ બંગલામાં આગ લાગી અને સઘળું બળીને ખાખ થઈ ગયું. તેમ છતાં શાસ્ત્રીજી મહારાજ સેવા લખાવવા પધાર્યા ત્યારે વ્યાજે પૈસા લાવીને પણ શાસ્ત્રીજી મહારાજની સેવા કરી અપાર રાજીપો મેળવી લીધો.



સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજના સ્વધામગમન સ્થાને નિર્મિત 'શ્રી યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિર'

શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ધર્મકુળની મૂર્તિઓ જયપુરમાં ઘડાતી હતી. તે જોવા શાસ્ત્રીજી મહારાજ જયપુર પધાર્યા. ત્યાં પહોંચી મૂર્તિઓનાં દર્શન કર્યાં. શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બરાબર ન હતી થઈ એટલે કારીગરના હાથમાંથી ટાંકણું લઈને જાતે મૂર્તિઓ ઘડવા લાગ્યા. કારીગર કશું કહેવા ગયો તો તરત જ બોલ્યા કે, 'અમે જે મૂર્તિ દેખીએ છીએ તે તું દેખે છે ?' આમ કહી, સ્વયં તેઓએ જ દિવ્ય મૂર્તિ ઘડી. આમ, સંવત ૧૯૮૫ના મહા સુદ છઠને દિવસે બીજો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. વેદમંત્રોનાં ગાન સાથે દક્ષિણખંડમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સેવક મુકુન્દવર્ણી તેમજ ઉત્તરખંડમાં મધ્યમાં શ્રી ઘનશ્યામ મહારાજ, ડાબી બાજુએ શ્રી ધર્મપિતા અને ભક્તિમાતા, જમણી બાજુએ આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પ્રતિષ્ઠિત થયા. આ પ્રતિષ્ઠાની સાંજે જ શાસ્ત્રીજી મહારાજે વડતાલના આચાર્ય શ્રી લક્ષ્મીપ્રસાદજીના સુપુત્ર શ્રી રાધારમણપ્રસાદજીને સમાધિ કરાવી અને સૌને કહ્યું કે, 'આજથી આપના મંડળમાં સમાધિ પ્રકરણ શરૂ થયું.'

મંદિરનું કાર્ય પૂરું થયું તે પછી ભવ્ય દરવાજો કરવાનું શાસ્ત્રીજી મહારાજને મન હતું. જેવું સંપ્રદાયનું આ સૌથું ઊંચું મંદિર હતું, તેવો જ આ દરવાજો પણ વિશાળ કરવાનો તેઓનો ભાવ હતો. મંદિરમાં ઉપર ચઢવાનાં પગથિયાં જે શાસ્ત્રીજી મહારાજે વિશિષ્ટ બનાવ્યાં તેમ આ દરવાજો પણ વિશિષ્ટ કરવાનો તેઓનો ભાવ હતો. સારંગપુર મંદિરનો દરવાજો શાસ્ત્રીજી મહારાજની અપ્રતિમ કલાસૂઝનું બેનમૂન ઉદાહરણ છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, 'આ દરવાજાનાં દર્શન કરનારને જો અંતકાળે તેની સ્મૃતિ થશે તો તેનું રૂડું થશે ને મહારાજ તેને અક્ષરધામ તેડી જશે !'

સંવત ૨૦૦૨માં પોતાના અતિ પ્રિય આ મંદિરના કોઠારીપદે નવયુવાન શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી – પ્રમુખ સ્વામીની નિયુક્તિ કરી. તે વખતે શાસ્ત્રીજી મહારાજને અપાર આનંદ હતો ને તેઓએ કહ્યું કે, 'આ સાધુ મારી જેમ જ મારા આ પ્રિય સ્થાનનું જતન કરશે.' પ્રમુખ સ્વામીને પણ સારંગપુર ખૂબ વહાલું હતું. તેઓ કહેતા કે, 'સારંગપુર મને ખેંચે છે.' શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી પ્રમુખ સ્વામી મહારાજે સારંગપુરમાં સંત તાલીમ કેન્દ્ર, યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિર, સ્વામિનારાયણ વિદ્યામંદિરનો આરંભ કરાવ્યો. ૧૬ મે ૨૦૧૬ના રોજ સારંગપુર મંદિરનો શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

યોગીબાપાએ આફ્રિકાના મુક્તરાજ વલ્લભદાસ સાંકરિયાને આજ્ઞા કરી કે, 'આપણે આ સ્થાનમાં ઘીનો અખંડ દીવો કરવો છે માટે તેની સેવા તમે કરજો.' વલ્લભદાસ સાંકરિયાએ તે આજ્ઞા પાળી અને શાશ્વત ભક્તિ અદા કરી. વલ્લભદાસ અનુપમ મિશન (યુ.કે.)ના વ્રતધારી સંત પૂ. હિંમત સ્વામીના પિતાશ્રી થાય. આમ, સમસ્ત સમાજ વતીની શાસ્ત્રીજી મહારાજના શ્રી ચરણોમાં સેવા અદા થઈ.

વર્ષો વીત્યાં ને સારંગપુર મંદિરના કળશ ચઢાવવાનો વિધિ ગુરુદેવ યોગીજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ કળશ માત્ર મંદિરના જ નહોતા, પરંતુ, શાસ્ત્રીજી મહારાજના ઉપાસના પ્રવર્તનના કાર્યના શિખરે ચઢેલા કળશ હતા. આ પ્રસંગે સારંગપુરમાં સંતભગવંત સાહેબજી તેમજ પ.પૂ. પપ્પાજી યોગીબાપાની આજ્ઞાથી પધાર્યા હતા અને શાસ્ત્રીજી મહારાજ–યોગીજી મહારાજના યુગકાર્યના સાક્ષી બન્યા હતા. કળશની આરતી પ્રસંગે લેવાયેલી છબી તેની સહજ સ્મૃતિ કરાવે છે. ◆



સારંગપુર મંદિરના કળશની આરતી ઉતારતા
બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીબાપા, બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પ્રમુખસ્વામી અને સંતો સાથે
પ.પૂ. પપ્પાજી અને યુવાન સાહેબજીનાં દર્શન !